

**'જીએસટી'ની સાઈડ ઈફેક્ટ** જીએસટીને કારણે વેપારીવર્ગ અને નાણાકીય બાબતો સાથે સંકળાયેલા લોકો ગૂંચવણમાં મુકાઈ ગયા છે ત્યારે સુધરાઈ પણ જીએસટીના ગ્રહણમાંથી મુક્ત રહી શકી નહોતી. મુંબઈ મહાનગર પાલિકાના ઑક્ટ્રોય ખાતાના કર્મચારીઓ જીએસટી આવતા બેરોજગાર બની ગયા હતા અને તેમણે આનો વિરોધ કરવા માટે ધરણાં ધર્યાં હતાં. (નિકૉલસ ચાર્ડે)

# વીજળીના કડાકા સાથે મેઘરાજાનું પુનરાગમન

## ▸આગામી કેટલાક દિવસમાં મુંબઈમાં વરસાદ સાથે ઠંડક અનુભવાશેઃ હવામાન ખાતું

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈઃ* બે દિવસ સુધી સતત થયેલા ઉકળાટ બાદ આખરે મંગળવારે મોડી રાતથી મુંબઈ, થાણે, નવી મુંબઈના અનેક વિસ્તારોમાં વીજળીના ગડગડાટ સાથે મુશળધાર વરસાદ પડ્યો હતો. મુશળધાર વરસાદને કારણે અંધેરી સબવે જેવા અનેક વિસ્તારોમાં પાણી ભરાયાં હતાં અને ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી.

હવામાન ખાતાના સૂત્રોના જણાવ્યા અનુસાર ૧૧મી સપ્ટેમ્બરનો દિવસ એ દાયકાનો સૌથી વધુ ગરમ દિવસ હતો અને એ દિવસે ઉષ્ણતામાન ૩૫ ડિગ્રીનો આંકડો વટાવી ગયો હતો. મુંબઈગરાઓએ સપ્ટેમ્બર મહિનામાં ઑક્ટોબર હિટનો અનુભવ કર્યો હતો.

હવામાન ખાતાના અધિકારીઓના જણાવ્યા અનુસાર વાતાવરણમાં આવેલો અચાનક પલટો એ સામાન્ય નથી. ઉષ્ણતામાનમાં જોવા મળેલા વધારા માટે પૂર્વ તરફથી આવી રહેલો ભારે પવન જવાબદાર હતો. ઉપરાંત હવામાં આર્દ્રતાનું પ્રમાણ વધતાં છેલ્લા કેટલાક દિવસથી મુંબઈમાં હવામાન ધૂંધળું જોવા મળે છે.

વરસાદ મુંબઈમાંથી વિદાય નથી લઈ રહ્યો, હજી આગામી કેટલાક દિવસોમાં મુંબઈમાં વરસાદની આગાહી કરવામાં આવી છે, એવું અધિકારીએ વધુમાં જણાવ્યું હતું.

વરસાદની સાથે સાથે મુંબઈમાં હવામાન ઠંડુ પણ હશે. મંગળવાર રાતથી બુધવાર વહેલી સવાર સુધી પડેલા વરસાદને કારણે અંધેરી જેવા વિસ્તારમાં પાણી ભરાયાં હતાં અને ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી.

મુંબઈમાં ગઈકાલ સવારે ૮.૩૦થી બીજા દિવસે ૮.૩૦ કલાક સુધી કોલાબા ખાતે ૫૬.૮ એમએમ અને સાંતાક્રુઝ ખાતે ૧૦૩.૨ એમએમ વરસાદ નોંધાયો હોવાનું હવામાન ખાતાના અધિકારીએ વધુમાં જણાવ્યું હતું.

ભારે વરસાદને કારણે મુંબઈમાં કોઈ પણ અનિચ્છિનીય બનાવ ન બન્યો હોવાનું સુધરાઈના અધિકારીએ જણાવ્યું હતું. તેમ છતાં સુધરાઈએ કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે ઉપકરણો તૈયાર રાખ્યાં હોવાનું તેમણે વધુમાં ઉમેર્યું હતું. ■

# રાજકોટ જિલ્લાની પ્રાથમિક શાળાઓના વિજ્ઞાન મેળાનો આજથી પ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

*રાજકોટઃ* જિલ્લાની પ્રાથમિક શાળાઓના વિજ્ઞાન મેળાનો આવતીકાલ તા. ૧૪મી સપ્ટેમ્બરથી પ્રારંભ થશે. જ્યારે માધ્યમિક શાળાઓના વિજ્ઞાન મેળાનો તા. ૧૯મી સપ્ટેમ્બરથી પ્રારંભ થશે.

સૂત્રોના જણાવ્યા મુજબ રાજકોટ જિલ્લાની પ્રાથમિક અને શાળાનો વિજ્ઞાનમેળો આવતીકાલ તા. ૧૪થી ૧૬ દરમિયાન ઉપલેટા ખાતે જ્યારે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનો વિજ્ઞાન મેળો તા. ૧૯થી ૨૧ સપ્ટેમ્બર દરમિયાન રાજકોટ ખાતે યોજાશે. રાજકોટ શહેરની ખાનગી અને સરકારી પ્રાથમિક શાળાઓનો વિજ્ઞાન મેળો તા. ૧૪ના ગુરૂવારે સવારે ૮.૩૦ કલાકે કરણપરા ચોક નજીક આવેલી શાળા નં. ૨ ખાતે યોજાશે. જેમાં સીઆરસી કક્ષાએથી પસંદ થયેલી કૃતિઓ રજૂ કરવાની રહેશે. બે દિવસના આ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લેનારા શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સ્વયંસેવકોને ચા-નાસ્તો, ભોજન આપવામાં આવશે. જ્યારે જિલ્લાકક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ઉપલેટા ખાતે ભગવતસિંહજી હાઈસ્કૂલ ખાતે તા. ૧૪થી ૧૬ સુધી જ્યારે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનો વિજ્ઞાન મેળો રાજકોટ નજીકની ભરાડ વિશ્વ વિદ્યાલય ખાતે યોજાશે. બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવાના હેતુથી જુદા-જુદા પાંચ વિભાગોમાં કૃતિરો રજૂ થશે. જેમાં સ્વાસ્થ્ય અને સુખાકારી, કૃષિઉદ્યોગો, ટેકનોલોજી વ્યવસ્થાપન અને ગાણિતિક પરિચય રજૂ કરવામાં આવશે. દરેક તાલુકામાંથી પાંચ-પાંચ કૃતિઓ જિલ્લાકક્ષાના વિજ્ઞાન મેળામાં રજૂ થશે. જ્યારે રાજ્યકક્ષાનો વિજ્ઞાન મેળો તા. ૬ નવેમ્બરના રોજ યોજવામાં આવશે. તેમ જણાવાયું છે. ■

# વિજાપુર નજીક ખાડાએ ઊંધી પાડી સ્કૂલ બસઃ સાત વિદ્યાર્થી અને બે શિક્ષિકા ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદઃ* શહેરના છેવાડે ચાંગોદર નજીક ખાનગી સ્કૂલ બસની અકસ્માતની ઘટનામાં એક વિદ્યાર્થીના મોતની ઘટના હજુ ભુલાઈ નથી ત્યાં ઉત્તર ગુજરાતના મહેસાણા પાસે વીજાપુર નજીક ચડાસણા-વિહાર વચ્ચે રોડ પર એક સ્કૂલ બસ પલટી ખાઈ જતાં બે શિક્ષિકા અને સાત વિદ્યાર્થીને ઈજાઓ પહોંચતા તમામને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતી. સદ્‌નસીબે આ ઘટનામાં અન્ય ૧૫વિદ્યાર્થીઓનો ચમત્કારીક બચાવ થયો હતો.

રસ્તામાં પડેલા ખાડામાં બસનું વ્હીલ પટકાતા ચાલકે સ્ટિયરીંગ ઉપર કાબૂ ગુમાવતા દુર્ઘટના સર્જાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર વીજાપુર તાલુકાના વિહાર પાસે આવેલી જાણીતી સ્કૂલની બસ સાંજના વિદ્યાર્થીને ઘરે મૂકવા જઈ રહી હતી ત્યારે ચડાસણા અને વિહાર વચ્ચે રસ્તા પર પડેલા ખાડાના કારણે ટાયર ખાડામાં પડતા ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને બસ રોડ પર જ પલટી ખાઈ ગઈ હતી. બસ પલટી ખાતા જ વિદ્યાર્થીએ ભયના કારણે ચિચયારી કરી મૂકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી.

આ ઘટનામાં હેતલબહેન મેહુલભાઈ અને પાયલબહેન વિશાલભાઈ નામની બે શિક્ષિકાઓ અને વંશ ચૌહાણ, હરપાલસિંહ ચૌહાણ, મીર પટેલ, ચિરાગ રબારી અને સમીર ઠાકોર સહીત સાત વિદ્યાર્થીને ઈજાઓ પહોંચી હતી. જ્યારે ૧૫ વિદ્યાર્થીઓ બચી ગયા હતા. આ ઘટનાની જાણ થતાં જ સ્કૂલના સંચાલકોએ તાબડતોબ પહોંચી જઈ તમામ વિદ્યાર્થીને પોતપોતાના ઘરે પહોંચાડ્યા હતા. પોલીસે આ અંગે અકસ્માતનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# ધોરણ-૧૧માં ભણતા છાત્રનો અગમ્ય કારણોસર આપઘાત

*ગાંધીધામઃ* ગાંધીધામમાં જૂની સુંદરપુરીમાં ૧૧માં ધોરણમાં ભણતા છાત્રે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મોત પાછળનું કોઇ ચોકસ કારણ હજી જાણી શકાયું નથી. ઘરના સહુ લોકો મતીયા દેવના મેળામાં ગયા હતા ત્યારે ઘરે અકેલા રહેલા તરુણે જીવનનો અંત આણ્યો હતો. શહેરની શાળામાં ધો. ૧૧ માં અભ્યાસ કરતા રોહિત દેવરાજ મહેશ્વરી (ઉં.વ.૧૭) (રહે. જૂની સુંદરપુરી, ગાંધીધામ) એ રવિવારની રાત્રે ઘરના બીજા રૂમમાં પંખામાં દુપટ્ટો ભરાવી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ સમયે તરુણના પરીવારજનો પગપાળા આસ્થા સ્થાને મતીયા દેવના મેળામાં ગયા હતા. જેથી તરુણ ઘરે એકલો હતો. તે સોમવારે પરત આવી દરવાજો ખટકાવતા કોઇએ ખોલ્યો નહતો. જેથી તેમણે અન્ય રીતે ઘરમાં પ્રવેશ કરતા બીજા રૂમમાં તરુણ આપઘાત કરેલી હાલતમાં દેખાતા હતપ્રત થઈ ગયા હતા. જેમને હોસ્પિટલ ખસેડાતા ત્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે તપાસનીસ અધિકારી હર્ષદભાઈ ઠાકરનો સંપર્ક કરતા તેમણે આ અંગેની તપાસ ચાલુ હોવાનું અને હજી સુધી અંતિમ પગલું શા માટે તરુણે લીધું હતું તે અંગે કાંઈ સ્પષ્ટ ન હોવાનું જણાવ્યુ હતુ. તો શાળા પ્રશાસનનો સંપર્ક કરતા જાણવા મળ્યું હતું કે તે સપ્તાહથી શાળાએ ન હતો આવ્યો, જે અંગે કોઇ ઘરેલું સમસ્યા હોવાનું કહ્યું હતું. ■

# પાલનપુર ફાયરિંગ પ્રકરણઃ પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે કરી વધુ ત્રણની ધરપકડ

*પાલનપુરઃ* પાલનપુર રેલવે સ્ટેશન રોડ ઉપર આવેલ એક હોટલની લેવડ-દેવડના મુદ્દે બે જૂથ વચ્ચે સોમવારે સામ-સામે ફાયરિંગ થયુ હતુ.જેમાં પોલીસે એક રિવોલ્વર અને બે શખસની અટકાયત કરાયા બાદ પોલીસે સીસીટીવી કેમેરાની મદદથી મંગળવારે વધુ ત્રણ આરોપીની અટકાયત કરી હતી. અને ગુનામાં વપરાયેલી રિવોલ્વર કબજે લેવામાં આવી હતી. આ કેસમાં ૧૨ શખસ સામે ફરિયાદ નોંધાઈ હતી. કુલ પાંચ આરોપી જેલના સળિયા પાછળ ધકેલાયા છે.જ્યારે વધુ બે બંદૂક પોલીસે કબજે કરી છે.

પાલનપુર રેલવે સ્ટેશન ઉપર આવેલ રહીમી હોટલની લેવડ-દેવડના મુદ્દે એક જ કોમના બે જૂથ વચ્ચે રિવોલ્વર વડે ફાયરીંગ કરવામાં આવ્યું હતુ.જેમાં ચાર વ્યક્તિને ઇજાઓ થતા સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.જે પૈકીના એક વ્યક્તિને મહેસાણા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.આ ઘટના ને પગલે સમગ્ર શહેરમાં ઉત્તેજના પ્રસરી હતી.આ ગુનામાં પોલીસે બંને પક્ષની સામે સામે ફરિયાદ નોંધી એક રિવોલ્વર કબજે લઇ બે આરોપીની અટકાયત બાદ પોલીસે સીસીટીવી કેમેરાની મદદથી મંગળવારે વધુ ત્રણ આરોપીની અટકાયત કરવામાં આવી હતી. તેમ જ ગુનામાં વપરાયેલ વધુ એક રિવોલ્વર કબજે કરવામાં આવી હતી. તેમ જ આરોપીના ઘરનું સર્ચ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. ■

# રૂપાલ-શિણોલમાં વાવાઝોડા સાથે બે ઈંચ વરસાદ

*હિંમતનગર- મોડાસાઃ* હિંમતનગર તાલુકાના રૂપાલમાં મંગળવારે સાંજે સતત બીજા દિવસે વાવાઝોડા સાથે ધોધમાર વરસાદ તૂટી પડતાં વૃક્ષ ધરાશયી થતાં ગાંભોઇ રૂપાલ માર્ગ અડધા કલાક માટે બંધ થયો હતો. જ્યારે મોડાસામાં વીજકડાકા અને ભડાકા સાથે એક ઇંચ જેટલો વરસાદ તૂટી પડ્યો હતો. શિણોલ પંથકમાં એક કલાકમાં બે ઇંચ વરસાદ ખાબક્યો . મોડાસામાં વીજળી ડૂલ થતાં શહેરમાં અંધારપટ છવાઇ ગયો હતો. તેમ જ મોડી સાંજે પડેલા વરસાદથી મોડાસા અને માલપુરમાં ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી હતી. જ્યારે મહેસાણાના કડીમાં બપોર બાદ વાતાવરણમાં પલટો આવતાં આકાશ કાળા વાદળોથી ઘેરાવા લાગ્યું હતું. આ દરમિયાન કડી પંથકમાં ૭ મિ.મી. વરસાદ નોંધાયો હતો. ઝાડ પડી જતાં ગાંભોઇ-રૂપાલ અડધો કલાક રસ્તો બંધ થયો ભાવપુર રૂપાલ પંથકમાં વાવાઝોડા સાથે વરસાદ તૂટી પડ્યો હતો. આ અંગે વિગત આપતા વિશાલ પટેલે જણાવ્યું કે, એક કલાકમાં બે ઇંચથી વધુ વરસાદ તૂટી પડ્યો હતો. ભારે વાવાઝોડાને કારણે ગાંભોઇ, રણાસણ, હરસોલ રોડ ઉપર વૃક્ષ પડી જતાં અડધા કલાક માટે વાહનોની અવરજવર બંધ થઇ હતી. ભાથીખત્રી ગામના પાટીયા નજીક ઢૂંઢર ગામના પૂર્વ સરપંચ ફૂલસીંગ પરમારના કૂવા પરની ઓરડીના પતરા ઊડી ગયા હતા. છેલ્લા બે દિવસથી રૂપાલ પંથકમાં ભારે પવન ફૂંકાવા સાથે ધોધમાર વરસાદ સમી સાંજે પડી રહ્યો છે.

શિણોલ પંથકમાં છેલ્લા કેટલાય દિવસથી પડી રહેલા અસહ્ય ગરમીથી ઉકળાટ ફેલાયો હતો. તેમ જ ગરમીના ઉકળાટ બાદ એકાએક ભારે વરસાદ પવન સાથે શરૂ થતાં ખેડૂતો તેમ જ પ્રજામાં આનંદ છવાયો હતો. અને તોફાની પવન સાથે એક કલાકમાં બે ઇંચ જેટલો ભારે વરસાદ તૂટી પડતાં ગરમીથી લોકોને રાહત મળી હતી. અને વાતાવરણમાં ઠંડક પણ પ્રસરી હતી. ■

# બેંગલુરુમાં ૧૦ લાખની ચોરી કરનારો દોઢ વર્ષથી ભુજમાં રહેતો પકડાયો

*ભુજઃ* ગત જાન્યુઆરી માસમાં કર્ણાટકના પાટનગર બેંગલુરુમાં એક બંધ મકાનમાંથી ૧૦ લાખની ચોરી કરનારા નેપાળી શખસને ભુજમાંથી પશ્ચિમ કચ્છ સ્પેશિયલ ઑપરેશન ગ્રુપે પકડી પાડયો છે. ઝડપાયેલો નેપાળી શખસ એક આંતર રાજ્ય તસ્કરી ગેંગનો મુખ્ય સૂત્રધાર હોવાનું તપાસમાં ખુલ્યું છે. મીલીટરી ઈન્ટેલીજન્સના ઈનપુટ્સના આધારે પોલીસ તેને પકડી શકી હતી. પશ્ચિમ કચ્છ એસઓજીના પી.આઇ રોહિતકુમાર ડોડિયાએ કહ્યું કે નેપાળથી આવેલો એક શખસ હાલે ભુજમાં રહેતો હોવાની બાતમીથી રઘુવંશીનગર ચોકડી પાસેથી નેપાળના કલીકાંડાના વતની એવા ૨૧ વર્ષીય મીનબહાદુર ઉર્ફે મીલનપૂર્ણા બહાદુર બહોરાને પકડી પૂછતાછ શરૂ કરતા કબૂલાત કરી હતી કે તેણે ગત ૩૦ જાન્યુઆરીના બેંગલુરુના એક બંધ મકાનમાંથી રોકડ અને સોનાના દાગીના સહિત ૧૦ લાખના મુદામાલની ચોરી કરી છે.

આરોપી વિરુદ્ધ બેંગાલુરુના બેયાપનહાલી પોલીસ મથકે ફરિયાદ પણ નોંધાઇ હતી. આ નેપાળી તસ્કર પાસેથી સોનાનો સિક્કો, સોનાની બંગડીના ટુકડા, નાકની ચુની તેમ જ ભારતીય અને નેપાળી ચલણ મળી ૭૩,૪૫૦નો મુદ્દામાલ રીકવર કર્યો છે. આ પાંચ શખસની ટુકડી દિવસના ભાગે માલદાર લોકોના મકાનની રેકી કરી ચોરી અને લૂંટના બનાવને આયોજનબદ્ધ રીતે અંજામ આપતા હતા. આ ગેંગનો મુખ્ય અડો પુણેમાં હતો. બેંગાલુરની ચોરીના બનાવના ૨૭ દિવસ બાદ મિલન ભુજમાં આવી ગયો હતો. અહીં તે રઘુવંશી નગરના મહાદેવ કોમ્પલેક્ષમાં રહેતો હતો અને કાર ધોવાનું કામ કરતો હતો. ■

# વડોદરાની સયાજીગંજ બેઠક જીતવા ભાજપે કૉંગ્રેસના દલસુખ પ્રજાપતિને ભગવો પહેરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

*વડોદરાઃ* વડોદરાની સયાજીગંજ વિધાનસભા બેઠક જે આગામી વિધાનસભાની ચૂંટણીના અંત સુધી ચર્ચાનું કેન્દ્ર બની રહેશે તે વાત તો નક્કી છે. કારણ કે એક વ્યક્તિની સામે ચૂંટણી લડશે કોણ અને લડશે તો જીતવું કેવી રીતે તે અસમંજસ છે. આમ તો છેલ્લા ઘણા સમયથી વડોદરાની સયાજીગંજ વિધાનસભા ભાજપ હસ્તક જ રહી છે, પરંતુ આ વર્ષે સયાજીગંજ વિધાનસભા ભાજપ માટે માથાનો દુઃખાવો બની છે ત્યારે સયાજીગંજ વિધાનસભા જીતવા માટે ભાજપના તમામ દાવેદારો દાવ પેચો રમી રહ્યા છે. તેવામાં પ્રદેશના એક નેતાએ તો સયાજીગંજ વિધાનસભામાં તેમનો કોઇ હરીફ ન રહે તે માટે કૉંગ્રેસના દિગ્ગજ નેતા દલસુખ પ્રજાપતિને ભાજપમાં જોડી લીધા છે. સયાજીગંજ વિધાનસભા શહેર ભાજપ માટે માથાનો દુઃખાવો ત્યારે ભાજપ, કૉંગ્રેસ અને આરએસપી વચ્ચે ત્રિપાંખીયો જંગ ખેલાય તો ક્યાંક ને ક્યાંક ભાજપને નુકશાન પહોંચી શકે તેવો ભય ભાજપના નેતાઓને સતાવી રહ્યો છે. જેના કારણે દલસુખ પ્રજાપતિને ભાજપમાં જોડી દેવાની યોજનાને અમલમાં મૂકીને આખરે ભાજપામાં પ્રવેશ આપવામાં આવ્યો છે. ■

# અમદાવાદમાં નર્મદા મહોત્સવનો પાટીદારોએ કર્યો વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદઃ* શહેરના બાપુનગર વિસ્તારમાં નર્મદા મહોત્સવને લઇને ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્ય સરકારના વાહન વ્યવહાર પ્રધાન વલ્લભ કાકડિયા. બાપુનગરના કોર્પોરેટર અને ૩૫૦૦ કરતાં વધુ સ્થાનિકો ડાયરાની મજા માણી રહ્યા હતા ત્યારે પાસના કર્યકરોએ પોતાનો વિરોધ વ્યકત કરીને ડાયરામાં ભંગ પાડવાની કોશિશ કરી હતી. જેમાં પોલીસે તેમની અટકાયત કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર સુરતમાં પાટીદાર બહુમતી ધરાવતા વિસ્તારમાં યુવા ભાજપના સંમેલનને પગલે આગચંપીનો બનાવ બન્યો હતો. તેમ જ પોલીસે ૧૨થી વધારે પાટીદારોની અટકાયત કરી હતી. આ ઘટનાના પડઘા અમદાવાદ સુધી પડ્યા હતા. નર્મદા મહોત્સવને લઇને બાપુનગર વિસ્તારમાં આવેલી ઇન્ડિયા કોલોની પાસે ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ડાયરામાં રાજ્ય સરકારના પ્રધાન વલ્લભ કાકડિયા, કોર્પોરેટર, ભાજપના કાર્યકરો સહિત ૩૫૦૦ કરતાં વધુ લોકો હાજર હતા. દરમિયાન પાસના કાર્યકર રાહુલ ધીરુભાઇ દેસાઇ (રહે બાપુનગર), જયેશ બટુકભાઇ પટેલ (રહે ઠક્કર બાપાનગર), જયેશ ભરતભાઇ દેસાઇ (રહે બાપુનગર), મયૂર મનસુખભાઇ સેવલિયા (રહે નિકોલ), નિકુલ અશ્વિનભાઇ બાબરિયા (રહે બાપુનગર) અને સાહીલ જિજ્ઞેશભાઇ પટેલ(રહે બાપુનગર) સહિતના કાર્યકરોએ ઉગ્ર વિરોધ પ્રદર્શન સાથે ડાયરામાં પહોંચી ગયા હતા અને ભારે વિરોધ સાથે ડાયરામાં ભંગ પડાવવાની કોશિશ કરી હતી. ડાયરામાં બંદોબસ્ત માટે ઊભેલી પોલીસે પાસના છ કાર્યકરોની અટકાયત કરી હતી. મોડી રાતે ડાયરો પૂરો થતાં પોલીસ તમામ કાર્યકરોને છોડી મુક્યા હતા. ■

# નરેન્દ્રભાઇ મોદીના જન્મદિવસને ભાજપ સેવા દિવસ તરીકે ઉજવશેઃ ભરત પંડયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદઃ* ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ૧૭ સપ્ટેમ્બરે નરેન્દ્રભાઇ મોદીના જન્મદિવસને સમગ્ર દેશમાં સેવાદિવસ તરીકે ઉજવવાનું ભાજપાએ નક્કી કર્યું છે. પ્રદેશ પ્રમુખ જીતુભાઇ વાઘાણીએ સ્વચ્છતા અભિયાન, મેડિકલ કેમ્પ અને વૃક્ષારોપણના કાર્યક્રમોનું આયોજન કરવા માટે ભાજપના આગેવાનોને અપીલ કરી હોવાનું ભાજપના પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું હતું કે, સેવા દિવસ નિમિત્તે ૧૫ સપ્ટેમ્બરથી ૨જી ઓક્ટોબર સુધી સ્વચ્છતા હી સેવાના મંત્ર સાથે હોસ્પિટલો, મહાપુરૂષોની પ્રતિમાઓ, બસસ્ટેન્ડો, શાળા-કોલેજો, તળાવ-બગીચાઓ વગેરે સ્થાનો પર સ્વચ્છતા ઝુંબેશ ચલાવવામાં આવશે.

આ ઉપરાંત નિદાન કેમ્પો અને વૃક્ષારોપણ કાર્યક્રમોમાં પણ અલગ-અલગ સેવાભાવિ સંગઠનો તથા સંસ્થાઓને આ ઝુંબેશમાં જોડવામાં આવશે. ■

# 'નો ફ્લાય લિસ્ટ'નો અમલઃ ફ્લાઇટમાં ક્રૂ સાથે દુર્વ્યવહાર કરતી મહિલાને ફ્લાઇટમાંથી ઉતારી મુકાઇ

*મુંબઇઃ* મુંબઇ આવી રહેલી મહિલા પ્રવાસીને તેની ગેરવર્તણૂંક બદલ ખાનગી ઍરલાઇન્સમાંથી ઉતારી મૂકવામાં આવી હતી. મહિલાએ પણ ઍરલાઇન્સ સ્ટાફ સામે ગેરવર્તણૂંકનો આક્ષેપ કર્યો છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ ઇન્ડિગો ઍરલાઇન્સની ટીમે મુંબઇ ઍરપોર્ટના સીઆઇએસએફ સિક્યોરિટી સ્ટાફને તેની જયપુરથી મુંબઇ આવી રહેલી ફ્લાઇટમાં બનેલી ઘટના વિશે જણાવ્યું હતું. ઍરલાઇન્સના ક્રૂ સ્ટાફે જણાવ્યું હતું કે મહિલા પ્રવાસીએ ફ્લાઇટમાં ગેરવર્તણૂક કરી હતી. જોકે તેમણે આ પ્રવાસીને ઍરલાઇન્સમાં પ્રવાસ કરવા પર પ્રતિબંધ મુકાશે કે કેમ એની સ્પષ્ટતા કરવાનું ટાળ્યું હતું. ફ્લાઇટે મુંબઇમાં ઉતરાણ કર્યા બાદ મહિલા પ્રવાસી અને ક્રૂ સ્ટાફને ઍરપોર્ટ પોલીસ પાસે લઇ જવાયા હતા અને મહિલા પ્રવાસી સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

ગયા અઠવાડિયે જાહેર કરવામાં આવેલા નવા નિયમાનુસાર ફ્લાઇટમાં ગેરવર્તણૂક કરનાર પ્રવાસીને નો ફ્લાય લિસ્ટમાં મૂકી તેના ઉડયન પર ત્રણ મહિનાથી લઇને આજીવન પ્રતિબંધ મૂકવામાં આવે છે. તેનું નામ 'નો ફ્લાય લિસ્ટ'માં મૂકવામાં આવે છે. તેની સામે એક કમિટી બેસાડી પ્રવાસીના ગુનાની ગંભીરતા સમજવામાં આવે છે, જે ૩૦ દિવસની અંદર પોતાનો ચુકાદો આપે છે. કમિટી ૩૦ દિવસની અંદર પોતાનો ચુકાદો ના આપે તો પ્રવાસી હવાઇ પ્રવાસ કરવા મુક્ત થઇ જાય છે. (પીટીઆઇ) ■

# મેટ્રિમોનિયલ સાઈટ મારફત મિત્રતા કરીને લગ્નોત્સુક મહિલાઓ પાસેથી પૈસા પડાવ્યા

## ▸નાઈજીરિયનની ધરપકડઃ બે પાસપોર્ટ, પાંચ મોબાઈલ જપ્ત

*થાણેઃ* મેટ્રિમોનિયલ વેબસાઇટ મારફત લગ્નોત્સુક મહિલાઓ સાથે મિત્રતા કર્યા બાદ વિવિધ કારણો બતાવીને તેમની પાસેથી લાખ્ખો રૂપિયા પડાવવા બદલ થાણે સાઇબર ક્રાઇમ ઇન્વેસ્ટિગેશન સેલના અધિકારીઓએ નવી દિલ્હીમાં રહેતા નાઇજીરિયનની ધરપકડ કરી હતી. નાઇજીરિયન પાસેથી પોલીસે બે વિદેશી પાસપોર્ટ, પાંચ મોબાઇલ જપ્ત કર્યા હોઇ આ ગુનામાં અન્ય લોકો સંડોવાયેલા છે કે નહીં તેની પોલીસ તપાસ કરી રહી છે. થાણે સાઇબર ક્રાઇમ ઇન્વેસ્ટિગેશન સેલે ધરપકડ કરેલા નાઇજીરિયનની ઓળખ અમાદી ક્લેમેન્ટ તરીકે થઇ હતી. તેની પાસેથી બે એટીએમ કાર્ડ, ત્રણ સિમકાર્ડ અને ૬૬ હજારની રોકડ પણ જપ્ત કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા મુજબ થાણેના વાગલે એસ્ટેટ વિસ્તારમાં રહેતી મહિલાએ મેટ્રિમોનિયલ વેબસાઇટ પર પોતાનો પ્રોફાઇલ તૈયાર કર્યો હતો. દરમિયાન દિનેશ ચેવન નામના શખસે મેટ્રિમોનિયલ વેબસાઇટ મારફત મહિલા સાથે મિત્રતા કરી હતી અને ત્યાર બાદ તેનો સંપર્ક સાધ્યો હતો. ચેતને ત્યાર બાદ યુવતીનો વિશ્વાસ સંપાદન કરીને તેની સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો હતો. ચેતને બાદમાં મહિલાને કહ્યું હતું કે તે દિલ્હી એરપોર્ટ પર આવ્યો છે અને તેની પાસે સામાન વધુ હોવાથી કસ્ટમ ડ્યૂટી ભરવી પડશે. આમ ચેતને કસ્ટમ ડ્યૂટીને બહાને તેમ જ વિવિધ કારણો બતાવીને મહિલા પાસેથી રૂ. દોઢ લાખ પડાવ્યા હતા. છેતરાયેલી મહિલાએ આ પ્રકરણે વાગલે એસ્ટેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. દરમિયાન આ કેસની તપાસ સાઇબર ક્રાઇમ ઇન્વેસ્ટિગેશન સેલના અધિકારી કરી રહ્યા હોવાથી તેમણે ઇન્ટરનેટ સર્વિસ-મોબાઇલ સર્વિસ પ્રોવાઇડર પાસેથી યોગ્ય માહિતી મેળવી હતી, જેમાં અમાદી ક્લેમેન્ટ નામના નાઇજીરિયનનું નામ પ્રકાશમાં આવ્યું હતું. અમાદી ક્લેમેન્ટ નવી દિલ્હીમાં રહેતો હોવાનું જાણવા મળ્યા બાદ પોલીસ તેની શોધમાં રવાના થઇ હતી અને એક ઇમારતમાં પ્રવેશીને અમાદીને તાબામાં લીધો હતો. અમાદીએ ચેતન ચેવન નામ ધારણ કરી ફરિયાદી મહિલા સાથે છેતરપિંડી આચરી હતી. ■